॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥

# સત્સંગદીક્ષા

## મુખપાઠ શ્રેણી : ૨૦

પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.

### (ગુજરાતી શ્લોકનું ભાષાંતર)

| | |
|---|---|
| **શ્લોક - ૨૮૬** | ત્યાગ એ કેવળ ત્યાગ જ નથી પરંતુ આ ત્યાગ તો ભક્તિમય છે. આ ત્યાગ અક્ષરપુરુષોત્તમ મહારાજને પામવા માટે છે. |
| **શ્લોક - ૨૮૭** | આજ્ઞા-ઉપાસના સંબંધી આ સિદ્ધાંતો સર્વજીવહિતાવહ છે, દુઃખવિનાશક છે અને પરમસુખદાયક છે. |
| **શ્લોક - ૨૮૮, ૨૯૦** | આ શાસ્ત્રને અનુસરીને જે જન શ્રદ્ધા અને પ્રીતિથી પોતાના જીવનમાં આજ્ઞા-ઉપાસનાની દૃઢતા કરે, તે ભગવાનનો રાજીપો પ્રાપ્ત કરી તેમની કૃપાનું પાત્ર થાય છે. શાસ્ત્રોમાં કહેલ બ્રાહ્મી સ્થિતિ ને તે જીવતાં છતાં જ પ્રાપ્ત કરે છે. એકાંતિ ક ધર્મ સિદ્ધ કરે છે. ભગવાનના શાશ્વત, દિવ્ય એવા અક્ષરધામને પામે છે, આત્યંતિક મુક્તિ મેળવે છે અને સુખ પ્રાપ્ત કરે છે. |
| **શ્લોક - ૨૯૧** | અક્ષરબ્રહ્મનું સાધર્મ્ય પ્રાપ્ત કરી પુરુષોત્તમની દાસભાવે ભક્તિ કરવી એ મુક્તિ માનવામાં આવી છે. |
| **શ્લોક - ૨૯૨** | આ રીતે સંક્ષેપે કરીને અહીં આજ્ઞા તથા ઉપાસનાનું વર્ણન કર્યું. તેનો વિસ્તાર સંપ્રદાયના શાસ્ત્રો થકી જાણવો. |
| **શ્લોક - ૨૯૩, ૨૯૪** | સત્સંગી જનોએ પ્રતિદિન આ 'સત્સંગદીક્ષા' શાસ્ત્રનો એકાગ્ર ચિત્તે પાઠ કરવો. પાઠ કરવા અસમર્થ હોય તેમણે પ્રીતિપૂર્વક તેનું શ્રવણ કરવું. અને શ્રદ્ધાથી તે રીતે આચરવા પ્રયત્ન કરવો. |
| **શ્લોક - ૨૯૫, ૨૯૬** | પરમાત્મા પરબ્રહ્મ સ્વા મિનારાયણ ભગવાને અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતની સ્થાપના કરી અને ગુણાતીત ગુરુઓએ તેનું પ્રવર્તન કર્યું. તે સિદ્ધાંત અનુસાર આ શાસ્ત્ર રચ્યું છે. |
| **શ્લોક - ૨૯૭, ૨૯૮** | પરબ્રહ્મ દયાળુ સ્વામિનારાયણ ભગવાન કૃપાએ કરીને જ મુમુક્ષુઓના મોક્ષ માટે આ લોકમાં અવતર્યા. સકળ આશ્રિત ભક્તોનાં યોગક્ષેમનું વહન કર્યું અને આ લોક તથા પરલોક એમ બંને પ્રકારનું એમણે કલ્યાણ કર્યું. |
| **શ્લોક - ૨૯૯** | સર્વત્ર પરમાત્મા પરબ્રહ્મ સ્વામિનારાયણ ભગવાનના દિવ્ય કૃપાશિષ સદા વરસે. |
| **શ્લોક - ૩૦૦** | સર્વેનાં સર્વ દુઃખો, ત્રણ તાપ, ઉપદ્રવો, ક્લેશો, અજ્ઞાન, સંશયો તથા ભય વિનાશ પામે. |

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥

# <u>સત્સંગદીક્ષા</u>

## મુખપાઠ શ્રેણી : ૨૦

પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.

**સંસ્કૃત શ્લોકો (ગુજરાતીમાં)**

**શ્લોક - ૨૮૬**

ત્યાગો ન કેવલં ત્યાગસ્ત્યાગો ભક્તિમયસ્ત્વયમ્ ।
પરિત્યાગો હ્યયં પ્રાપ્તુમ્ અક્ષરપુરુષોત્તમમ્ ॥ ૨૮૬ ॥

**શ્લોક - ૨૮૭**

આજ્ઞોપાસનસિદ્ધાંતાઃ સર્વજીવહિતાવહાઃ ।
દુઃખવિનાશકા એતે પરમસુખદાયકાઃ ॥ ૨૮૭ ॥

**શ્લોક - ૨૮૮, ૨૮૯, ૨૯૦**

એતચ્છાસ્ત્રાનુસારેણ યઃ પ્રીત્યા શ્રદ્ધયા જનઃ ।
આજ્ઞોપાસનયોર્દાર્ઢ્યં પ્રકુર્યાત્ સ્વસ્ય જીવને ॥ ૨૮૮ ॥

હરેઃ પ્રસન્નતાં પ્રાપ્ય તત્કૃપાભાજનો ભવેત્ ।
જીવન્નેવ સ્થિતિં બ્રાહ્મીં શાસ્ત્રોક્તામાપ્નુયાત્ સ ચ ॥ ૨૮૯ ॥

ધર્મૈકાંતિકસંસિદ્ધિમ્ આપ્નુતે દિવ્યમક્ષરમ્ ।
શાશ્વતં ભગવદ્ધામ મુક્તિમાત્યંતિકીં સુખમ્ ॥ ૨૯૦ ॥

**શ્લોક - ૨૯૧**

અક્ષરબ્રહ્મસાધર્મ્યં સંપ્રાપ્ય દાસભાવતઃ ।
પુરુષોત્તમભક્તિર્હિ મુક્તિરાત્યંતિકી મતા ॥ ૨૯૧ ॥

**શ્લોક - ૨૯૨**

સંક્ષિપ્યાત્ર કૃતં હ્યેવમ્ આજ્ઞોપાસનવર્ણનમ્ ।
તદ્વિસ્તરં વિજાનીયાત્ સાંપ્રદાયિકશાસ્ત્રતઃ ॥ ૨૯૨ ॥

**શ્લોક - ૨૯૩, ૨૯૪**

એતત્સત્સંગદીક્ષેતિ શાસ્ત્રસ્ય પ્રતિવાસરમ્ ।
કાર્યઃ સત્સંગિભિઃ પાઠ એકાગ્રચેતસા જનૈઃ ॥ ૨૯૩ ॥

પઠને ચાસમર્થૈસ્તુ શ્રવ્યં તત્ પ્રીતિપૂર્વકમ્ ।
આચરિતું ચ કર્તવ્યઃ પ્રયત્નઃ શ્રદ્ધયા તથા ॥ ૨૯૪ ॥

**શ્લોક - ૨૯૫, ૨૯૬**

પરમાત્મા પરં બ્રહ્મ સ્વામિનારાયણો હરિઃ ।
સિદ્ધાંતં સ્થાપયામાસ હ્યક્ષરપુરુષોત્તમમ્ ॥ ૨૯૫ ॥

ગુરવશ્ચ ગુણાતીતશ્ચક્રુસ્તસ્ય પ્રવર્તનમ્ ।
વિરચિતમિદં શાસ્ત્રં તત્સિદ્ધાંતાનુસારતઃ ॥ ૨૯૬ ॥

**શ્લોક - ૨૯૭, ૨૯૮**

કૃપયૈવાવતીર્ણોઽત્ર મુમુક્ષુમોક્ષહેતુના ।
પરબ્રહ્મ દયાલુર્હિ સ્વામિનારાયણો ભુવિ ॥ ૨૯૭ ॥

સકલાશ્રિતભક્તાનાં યોગક્ષેમૌ તથાવહત્ ।
વ્યધાત્ સ દ્વિવિધં શ્રેય આમુષ્મિકં તથૈહિકમ્ ॥ ૨૯૮ ॥

**શ્લોક - ૨૯૯**

સર્વત્રૈવાભિવર્ષતુ સદા દિવ્યાં કૃપાશિષઃ ।
પરમાત્મપરબ્રહ્મ - સ્વામિનારાયણપ્રભોઃ ॥ ૨૯૯ ॥

**શ્લોક - ૩૦૦**

સર્વેષાં સર્વદુઃખાનિ તાપત્રયમુપદ્રવાઃ ।
ક્લેશાસ્તથા વિનશ્યેયુરજ્ઞાનં સંશયા ભયમ્ ॥ ૩૦૦ ॥